# હિસાબ નિયામકશ્રીની કચેરી

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

Azadi Ka Amrit Mahotsav

સમય મર્યાદા/ અગત્યનું

## પરિપત્ર

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ/કોલેજોના વડાશ્રીઓને જણાવવાનું કે, અત્રેનાં આઈ.ટી. વિભાગ દ્વારા યુનિવર્સિટીના વિવિધ કાર્યક્ષેત્રમાં જુદી જુદી આઈ.ટી. સંલગ્ન સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે. જેમાં દરેક કચેરીઓ/ પેટા કચેરીઓ અને વિભાગો વિગેરેની જુદીજુદી વિગતોનો ઉલ્લેખ કરવાનો થતો હોય છે. દરેક સોફ્ટવેરોમાં ફેર ચકાસણી દરમ્યાન સદર માહિતીઓમાં વિસંગતતા જોવા મળેલ છે. જેથી આવી માહિતીઓમાં એકસુત્રતા જળવાઈ રહે તે અર્થે યુનિવર્સિટીના વખતો વખતનાં જાહેરનામાં/પરિપત્ર તેમજ કચેરીના રેકોર્ડ આધારિત પુરાવા સાથે યોગ્ય ચકાસણી કરીને આ સાથે સામેલ એક્ષેલ(**Excel**) ફોર્મેટમાં ફક્ત સોફ્ટકોપી સ્વરૂપે ગુજરાતી અને અંગ્રેજીમાં જણાવેલ માહિતીઓ તૈયાર કરી દિન-૫ માં અત્રેની કચેરીનાં આઈ.ટી. વિભાગનાં ઈમેલ એડ્રેસ **itcell@nau.in** પર અચૂક મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

સામેલ :- એક્ષેલ(**Excel**)ફોર્મેટ.

હિસાબ નિયામક

જા.નં.નકૃયુ/હિનિ/આઈ.ટી./ટી-૪/૧૯૬/૨૦૨૨
નવસારી, તા. ૨૪/૦૬/૨૦૨૨

નકલ જયભારત સાથ રવાના (**e**-પરિપત્ર દ્વારા):-
આ યુનિવર્સિટીની તમામ કચેરીઓ/ પેટા કચેરીઓ અને વિભાગોના વડાશ્રીઓ અને નાણા ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.